આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૨૯ | ૯ ફેબ્રુઆરી, ૨૦૧૩, શનિવાર; પોષ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


જે વસ્તુ જયાં છે જ નહીં તે વસ્તુનો ત્યાં આભાસ થાય તે માયા, જે આત્મા પોતે જ પોતાને જાણતો નથી એ માયા

- દાદા ભગવાન

# ગિફ્ટ સિટીમાં હોસ્પિટલ અને સ્કૂલને મંજૂરી

## બે ફાઈવસ્ટાર હોટલ અને બિઝનેસ ક્લબ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ : બે હજાર બાળકો માટે સ્કૂલ અને ૨૧૪ પથારીની હોસ્પિટલ માટેનું પ્લાનિંગ પણ પૂર્ણ



(ગૌતમ પુરોહિત) ગાંધીનગર,તા.૮

ગાંધીનગર સ્થિત ગિફ્ટસિટી પ્રોજેક્ટમાં બે બિલ્ડીંગ પછી હવે ફાઈવસ્ટાર હોટલ, હોસ્પિટલ અને સ્કૂલ માટેનું પ્લાનિંગ પૂર્ણ કરવામાં આવ્યું છે. સોશ્યલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં પ્રથમ તબક્કે આ ત્રણ બાબતોને આવરી લઈ ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગિફ્ટ સિટીમાં ૫૦૦૦ રૂમની સુવિધા ધરાવતી ફાઈવસ્ટાર હોટલ્સ બનાવવામાં આવી રહી છે પરંતુ રાજ્ય સરકારે પ્રથમ તબક્કામાં બે ફાઈવસ્ટાર હોટલો માટેની મંજૂરી આપી છે. આ બે હોટલોમાં કુલ ૬૦૦ રૂમ ઉભા કરાશે. તેની સાથે બિઝનેસ ક્લબ માટેની ટેન્ડરીંગ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ ક્લબમાં એક્ઝીક્યુટીવ વર્ગના ૨૦ રૂમ રાખવામાં આવશે.

નરસી મોન્જી એજ્યુકેશનલ ટ્રસ્ટ દ્વારા ગિફ્ટ સિટીમાં સ્કૂલ બનાવવામાં આવનાર છે. તાજેતરમાં જ આ ટ્રસ્ટ સાથે એમઓયુ સાઈન કરવામાં આવ્યા છે. ૨૦૦૦ બાળકોને સમાવી શકાય તેવી આ વાઈફાઈ સંલગ્ન સ્કૂલમાં લેંગ્વેઝ સ્કૂલ, મ્યુઝિક સ્કૂલ, ટ્રેઈનિંગ સેન્ટર, કેન્ટીન, કાફેટેરિયા, ઓડિટોરીયમ, સ્પોર્ટ્સ, થિયેટર હશે.

આ સિટીમાં મેડીકલ ઝોન, નર્સિંગ હોસ્ટેલ અને ડોક્ટર રેસિડેન્ટ્સ સહિતની ૨૧૪ બેડની હોસ્પિટલને મંજૂરી આપવામાં આવી છે, આ હોસ્પિટલને પ્રથમ તબક્કાના આયોજનમાં આવરી લેવાઈ છે.

રાજ્ય સરકાર ગિફ્ટ સિટીના વિસ્તારને વિસ્તારવાનું પણ વિચારી રહી છે. આ સિટીની આસપાસ ૩૦૦૦ એકર જમીનમાં ગિફ્ટ એક્સાપાન્સન ઝોન વિકસાવી રહી છે, જેનું પ્રાથમિક પ્લાનિંગ ઘડવામાં આવી રહ્યું છે. શહેરી વિકાસ વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે વિશ્વમાં ચાર સિટી એવા છે કે જે ફાયનાન્સિયલ હબ તરીકે જાણીતા છે. આ સિટીમાં પેરીસ, ટોકીયો, સાંઘાઈ અને લંડનનું સિટી આવે છે. વિશ્વમાં આ પાચમું ફાયનાન્સિયલ હબ છે જેનો વિસ્તાર આ ચાર સિટી કરતાં ત્રણ ગણો વિશાળ છે.

૩૫૮.૩૭ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલા ગિફ્ટ સિટીમાં હાલ ૨૮ માળની ઉંચાઈના બે બિલ્ડીંગ બનાવવામાં આવ્યા છે. હવે હોટલ, સ્કૂલ અને હોસ્પિટલ માટેનું પ્લાનિંગ શરૂ કરવામાં આવ્યું છે.

# રાંધેજા કૃષિ વિકાસ કેન્દ્રની મુલાકાત લેતી સાંસદોની ટુકડી

ગાંધીનગર, તા. ૮

દેશની સંસદના સંસદસભ્યોની બનેલી કૃષિ-સહકાર વિકાસ અંગેની ટીમે આજે રાંધેજા કૃષિ વિકાસ કેન્દ્રની મુલાકાત લઈ જિલ્લામાં કૃષિ ઉત્પાદન તેમજ ખેડૂત ઉત્કર્ષ યોજના સહિતની વિવિધ બાબતોનો અભ્યાસ કર્યો હતો.

છેલ્લા ત્રણ દિવસથી ગુજરાતની મુલાકાતે આવેલ આ સંસદીય ટીમમાં પૂર્વ વડાપ્રધાન શ્રી દેવગૌડા પણ એક સભ્ય છે. આ ટીમે આજે ગાંધીનગર ખાતે રાજ્યના કૃષિ વિભાગના અધિકારીઓ સાથે એક વિસ્તૃત બેઠક પણ યોજી હતી અને રાજ્યના કૃષિ વિકાસ તેમજ સહકારી ક્ષેત્રના વિકાસને લઈ રાજ્ય સરકારે કરેલી કામગીરીની વિગતો મેળવી હતી.

દરમ્યાન આ ટીમે આજે સાંજે ગાંધીનગર ખાતે ટીમના વડા શ્રી વાસુદેવ આર્યએ પત્રકારોને જણાવ્યું હતું કે ગુજરાતમાં નાના ખેડૂતો અને મોટા ખેડૂતો વચ્ચેની ખાઈ વધતી જતી હોવાની શંકા આજે સંસદની કૃષિ-સહકાર વિકાસ માટે રચાયેલી ટીમે વ્યક્ત કરી છે.

રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના તેમજ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના અમલીકરણને લઈ આ સમિતિ અભ્યાસ કરી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે કૃષિ મહોત્સવની ઉજવણીનો અભિગમ સારો જરૂર છે પણ તેનાથી નાના કિસાનને જેટલો ફાયદો થવો જોઈએ તે થયો નથી. તેમણે જણાવ્યું હતું કે તેઓ ગુજરાત પછી સત્તીસગઢ અને ઓરિસ્સાની પણ મુલાકાતે જવાના છે અને સંસદમાં આ સમિતિનો અહેવાલ રજુ કરવામાં આવશે.

# જીએસપીસી કોલવડાની બે પ્રાથમિક શાળાઓ દત્તક લેશે

## વાયબ્રન્ટ સમીટમાં થયેલા એમ.ઓ.યુ. બાદ જિલ્લા શિક્ષણ તંત્ર અને જીએસપીસી તથા સ્વૈચ્છીક સંસ્થાના પ્રતિનિધિઓ વચ્ચે આજે થયેલી પ્રથમ બેઠક : ૧૫ દિવસ બાદ બીજી બેઠકમાં શાળા અપગ્રેડેશનની કાર્યયોજના આખરી કરાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરથી ૪ કિ.મી.ના અંતરે આવેલ કોલવડા ગામની કુમારશાળા અનેકન્યાશાળાનેરાજ્યસરકારનુંજાહેર સાહસ જી.એસ.પી.સી. દ્વારા દત્તક લેવામાં આવશે.

રાજ્યના બોર્ડ નિગમો દ્વારા શાળાઓના વિકાસ માટે તેમજ ગ્રામીણ વિસ્તારમાં પણ બાળકોને અદ્યતન શિક્ષણની સુવિધા ઉપલબ્ધ બને તે માટે તાજેતરમાં સંપન્ન થયેલા વાયબ્રન્ટ સમીટમાં ખાસ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા.

જી.એસ.પી.સી., સ્વયંમ નામક સ્વૈચ્છિક સંસ્થા અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી બહાદુરસિંહ સોલંકી વચ્ચે આ બાબતે પ્રાથમિક ચર્ચાઓ થઈ હતી. આ પછી ત્રણેય અધિકારીઓએ ગામની શાળાઓની મુલાકાત લઈ અને સ્થળ તપાસ અને જરૂરિયાતો અંગેનો અભ્યાસ કર્યો હતો.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ બન્ને શાળાઓના અપગ્રેડેશનની કામગીરી બે તબક્કે હાથ ધરવામાં આવશે. પ્રથમ ભૌત્તિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે જ્યારે આગામી શૈક્ષણિક સત્રના પ્રારંભથી શિક્ષણ અપગ્રેડેશન અંગેની કામગીરી હાથ પર લેવામાં આવશે.

શાળામાં ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા બાબતે આજની બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી. બીજી તરફ સ્વંયમ નામક એન.જી.ઓ. જે શૈક્ષણિક સંસ્થાઓ સાથે કામગીરી કરે છે તે શિક્ષણ સુધારણા માટેના પગલાંઓ અંગે પોતાનો અહેવાલ તૈયાર કરીને જી.એસ.પી.સી. તેમજ જિલ્લા શિક્ષણતંત્રને અલગથી આપશે.

જિલ્લામાં પ્રથમવાર રાજ્ય સરકારના સાહસ દ્વારા આ શાળાઓ દત્તક લેવામાં આવી રહી છે. અગાઉ આવો પ્રયોગ શહેરી વિસ્તારની શાળાઓ માટે કરવામાં આયો હતો અને તેના સારા પરિણામો મળ્યા હતા તેમ જિલ્લા શિક્ષણતંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી બહાદુરસિંહ સોલંકીએ આજે જી.એસ.પી.સી.ના પ્રતિનિધિ તેમજ સ્વયંમના પ્રતિનિધિને શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ, શાળાના પરિણામો, શાળાની સંખ્યા, શાળાની જરૂરિયાતો તેમજ શાળામાં ઉપલબ્ધ શૈક્ષણિક કર્મચારીઓ અને અન્ય આનુસંગિક બાબતોને લઈ જરૂરી વિગતો આપી હતી.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે થયેલી પ્રાથમિક ચર્ચાઓ બાદ ૧૫ દિવસ પછી પુનઃ આ પ્રતિનિધિઓ અને જિલ્લા શિક્ષણતંત્ર વચ્ચે વધુ એક બેઠક થશે અને તેમાં આખીય કાર્યયોજનાને આખરી ઓપ આપી દેવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

valentine special
THE 100% EGGLESS BAKE SHOP
KABHI B bakery & patisserie
for 2 hearts that beat as one
VALENTINE SPECIAL CAKES & SPECIAL CHOCOLATES IN ATTRACTIVE PACKING

ORIENT FANS
ઓરિએન્ટ ટ્રેડીંગ કાું.
ગાંધી રોડ, અમદાવાદ.
ફોન : 079-2213 6021-22
ફેક્સ 079-22173355

(બેબી રાખવા) બહેન જોઈએ છે
સવારે ૮ થી સાંજે ૬ વાગ્યા સુધી બેબી રાખવા માટે સેક્ટર-૮માં બેન જોઈએ છે.
સંપર્ક : ૯૯૭૮૯૦૭૪૪૫
ફોન : ૨૩૨૩૪૫૦૮

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૭૧૪૧૯૮૩૬૬

AMI TOUR & TRAVELS
ચારધામ-દિ.૧૮
ઉ.તા. ૨૫/૫/૧૩, ૧૮/૬/૧૩
કુલ્લુ-મનાલી-શિમલા-ડેલહાઉસી, વૈષ્ણોદેવી-અમૃતસર-દિલ્હી-જયપુર
દિ.૧૬ ઉ.તા. ૭/૫/૨૦૧૩
ઉ.ભારત : દિલ્હી-હરિદ્વાર-આગ્રા, ગોકુળ-મથુરા-વૃંદાવન-શ્રીનાથજી વિ.
દિ.૧૧ ● ઉ.તા. ૨૧/૩/૨૦૧૩
Goa-મહાબળેશ્વર-લોનોવાલા
દિ.૮ ● ઉ.તા. ૨૫/૪/૨૦૧૩
M. 9713517738
M. 9624639750

એક્સચેન્જો સમર્પિત વિકાસ અને સર્વસમાવેશને
ખરા અર્થમાં વિકાસને હાંસલ કરવા આવશ્યક છે સર્વસમાવેશ
ભારતની પ્રાથમિકતામાં સહભાગી બનવાના વ્યૂહ સાથે એમસીએક્સ-એસએક્સ વિકાસ અને સર્વસમાવેશ માટે પ્રતિબદ્ધ
ભારતના નવા સ્ટોક એક્સચેન્જનું ઉદ્ઘાટન
આજે ૯ ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ
માનનીય મહાનુભાવોની હાજરીમાં
મુખ્ય મહેમાન
શ્રી પી. ચિદમ્બરમ્
અતિથિવિશેષ
શ્રી યુ.કે. સિંહા
અતિથિવિશેષ
ડૉ. અરવિંદ માયારામ
MCX-SX India's New Stock Exchange
પ્રવેશ માત્ર આમંત્રિતો માટે જ

સેલ...સેલ...સેલ...
જીન્સ-કોટન ધમાકા
રૂ. ૨,૫૦૦/-ની ખરીદી ઉપર રૂ. ૫૦૦/-ની ખરીદી ફ્રી
● કોટન પેન્ટ - શર્ટ ● જીન્સ પેન્ટ
● Rs. 495/- ● Rs. 595/- ● Rs. 695/- ● Rs. 795/-
મુરલીધર (સમય ૧૦ થી ૮)
ફેક્ટરી આઉટલેટ, C/ 7-C/ 8, કોબા એપરલપાર્ક, હોટલ મેનેજમેન્ટ ઇન્સ્ટીટ્યુટની બાજુમાં, કોબા, ગાંધીનગર.